# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-12-2025 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## CM – સુશાસન દિવસ

દેશના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી નિમિત્તે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ દરમિયાન અનેક પહેલનું અનાવરણ અને વિકાસ કામોના લોકાર્પણ કરાયા. જેમાં રાજ્ય સરકાર દ્વારા સંકલિત નવીનીકરણીય ઉર્જા નીતિ–2025ની શરૂઆત કરવામાં આવી. રાજ્ય સરકારની યોજનાઓ-નીતિઓ અંગેના કાયદાઓ, નિયમો, ઠરાવો, પરિપત્રો અને જાહેરનામાને એક જ ક્લિક પર સર્ચ કરી શકાય તે માટેની પહેલ **'G-SAAR'** પોર્ટલ, સીએમ ફેલોશીપ મોનિટરિંગ પોર્ટલ તેમજ બિનનિવાસી ગુજરાતીઓને ગુજરાત સાથે વધુ નજીકથી જોડતી **'NRG'** વેબસાઇટનો પણ શુભારંભ કરાયો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું, વહીવટી પાંખ જેટલી મજબૂત હશે તેટલી લોકોને વધુ સુખાકારી પ્રાપ્ત થશે.

આ અવસરે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના 120 કરોડથી વધુના કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વિવિધ વિભાગોના વિવિધ સંસ્થાઓ સાથેના મહત્વપૂર્ણ સમજૂતી કરાર કરાયા.

**------------------------------------------------------------------------------------**

## ભુજમાં વાજપેયીની જન્મ જયંતી

દેશના પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્નથી સન્માનિત સ્વર્ગસ્થ અટલ બિહારી વાજપેયીની 101 મી જન્મ જયંતિ નિમિત્તે સમગ્ર જિલ્લામાં જિલ્લા ભાજપ દ્વારા વિવિધ સેવાકીય અને સંગઠનાત્મક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જિલ્લા મથક ભુજ ખાતે તેમની પ્રતિમાને

પુષ્પાંજલિ અર્પણ કરી ભાવવંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે આ દિવસને માત્ર એક દિવસની ઉજવણી ન બનાવતા જન સેવાના સંકલ્પ તરીકે ઉજવવા અનુરોધ કરાયો હતો. સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે હમીરસર તળાવના કાંઠે અટલ કાવ્યાજંલિ સંધ્યા યોજાઇ હતી.

--------------------------------------------------------------------------------

## લખપત ગુરુદ્વારાથી સ્મૃતિયાત્રા

શીખ ધર્મના ૧૦માં ગુરુ ગોવિંદસિંહજીના સાહિબજાદાઓના બલિદાનની સ્મૃતિમાં ઉજવાતા વીર બાળ દિવસ નિમિત્તે આજથી લખપત ગુરુદ્વારાથી વિશેષ સ્મૃતિયાત્રાનો પ્રારંભ થશે. આ યાત્રા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ફરીને આદિપુર ગુરુદ્વારા ખાતે સંપન્ન થશે. આ ઉજવણીના ભાગરૂપે જિલ્લાના ૧૨ ગુરુદ્વારાઓમાં કીર્તન અને લંગરના કાર્યક્રમો યોજાશે, તેમજ વિવિધ સ્પર્ધાઓના ૧૦૦૦ જેટલા વિજેતા વિદ્યાર્થીઓને પુરસ્કૃત કરવામાં આવશે. અટલ બિહારી વાજપેયીની જન્મજયંતી અને સુશાસન દિવસના ઉપલક્ષમાં માધાપર ખાતે આજે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાના હસ્તે અટલજીની પ્રતિમા અને અટલ વનનું લોકાર્પણ કરવામાં આવશે.

--------------------------------------------------------------------------------

## રેલવે

રેલવેએ આજથી મુસાફરો માટે પોષણક્ષમતા અને કામગીરીની ટકાઉપણું સંતુલિત કરવાના ઉદ્દેશ્યથી તેના મુસાફરોના ભાડા માળખાને તર્કસંગત બનાવ્યું છે. સુધારેલા ભાડા માળખા હેઠળ, ઉપનગરીય અને બિન-ઉપનગરીય રૂટ સહિત, ઉપનગરીય સેવાઓ અને સીઝન ટિકિટના ભાડામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સુધારેલા ભાડા ફક્ત આવતીકાલે અથવા તે પછી બુક કરાયેલી ટિકિટ પર જ લાગુ પડશે. અગાઉ બુક કરાયેલી ટિકિટ પર કોઈ વધારાનો ચાર્જ લાગશે નહીં, ભલે મુસાફરી અસરકારક તારીખ પછી કરવામાં આવી હોય.

--------------------------------------------------------------------------------

## ગુજરાત સાહિત્ય અકાદમી

કચ્છી સાહિત્ય અને ભાષાના વિકાસ માટે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કરાતા આયોજન આવકારપાત્ર છે. ભુજના સ્મૃતિ વન ખાતે ગુજરાત સાહિત્ય અકાદમીના ક્રમે સતત ત્રીજા વર્ષે સાહિત્ય મહોત્સવના વિધિવત આરંભ અવસરે  ઉદ્ઘાટન સમારંભમાં બોલતા કચ્છના મૂર્ધન્ય સાહિત્યકાર પદ્મશ્રી નારાયણ જોશી એ અકાદમીને આયોજનને આવકારતા આ મુજબ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમી તથા કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ભર 2023 તથા 2024 દરમિયાન જાહેર કરેલા વિવિધ પુરસ્કાર મેળવનાર કચ્છી સર્જકોનું સન્માન કરવામાં આવ્યું હતું આકાદમી દ્વારા ભુજના સ્મૃતિ વન ખાતે આ ત્રિ દિવસીય કાર્યક્રમમાં આજે સ્મૃતિ વન ખાતે વિવિધ ક્ષેત્રોમાં ચાલનારા કાર્યક્રમ દ્વારા કચ્છી સાહિત્ય ઇતિહાસ વિશે સર્જકો પોતાના વિચારો વ્યક્ત કરશે.

---------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ મહાનગરપાલિકા

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા જન સુવિધા અર્થે વેબસાઈટ તેમજ અપગ્રેડ મોબાઈલ એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે. ગાંધીધામ આદિપુર જોડિયા શહેરો અને સંકુલના લોકો ઘર બેઠા વેબસાઈટ તથા મોબાઈલ એપના માધ્યમથી ફરિયાદો કરી શકશે અને મિલકત વેરો તથા વ્યવસાયિક વેરાની પણ ભરપાઈ કરી શકશે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન

જિલ્લામાં છેલ્લા ત્રણેક દિવસથી લઘુત્તમ તાપમાનમાં થઈ રહેલા ક્રમશઃ ઘટાડાને પગલે ઠંડી અનુભવાઇ રહી છે. ખાસ કરીને સરહદી નલિયામાં લઘુત્તમ ઉષ્ણાતામાન ૧૦.3 ડિગ્રીએ પહોંચી જતાં તે સમગ્ર રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું છે. જિલ્લા મથક ભુજમાં લઘુતમ

ઉષ્ણાતામાન ૧૩.૮ ડિગ્રી અને કંડલામાં ૧૫.૬ ડિગ્રી નોંધાયું છે. જોકે રાત્રિના સમયે ઠંડક અનુભવાય છે, જ્યારે  દિવસ દરમિયાન સૂર્યના તાપને કારણે મહત્તમ ઉષ્ણાતામાન ૨૯ થી ૩૦ ડિગ્રીની આસપાસ રહેતુ હોઇ વાતાવરણ રહે છે.

---------------------------------------------------------------------------------------------------------